‘મત્સ્યપુરાણનાં’ આખ્યાનો અને ઉપાખ્યાનો - એક સમીક્ષાત્મક અધ્યયન

(રૂપરેખા)

ારણાસ્રોત

સંસ્કૃત સાહિત્યમાં પુરાણો આગવું સ્થાન ધરાવે છે. અઢાર મુખ્ય પુરાણો અંતર્ગત આવેલ ‘મત્સ્યપુરાણ’ માં વિવિધ આખ્યાનો અને ઉપાખ્યાનો પ્રાપ્ત થાય છે. એનો સ્વતંત્ર અભ્યાસ ગુજરાતી ભાષામાં થયો હોય, એવું મારી જાણમાં નથી. તેમજ મારા પરમ આદરણીય માર્ગદર્શક ડો.શોભનાબેન સોલંકી સાથે ચર્ચા વિચારણાને અંતે તેમણે મને સૂચન કર્યું હતું કે મત્સ્યપુરાણનાં આખ્યાનો અને ઉપાખ્યાનોનો સમીક્ષાત્મક અભ્યાસ થઈ શકે તેમ છે અને મને પણ તેમાં રસ હતો. તેથી પીએચ.ડી. ઉપાધિ માટેના મહાશોધ નિબંધના વિષયની પસંદગી થઈ જેનું શીર્ષક આ પ્રમાણે છે.

‘મત્સ્યપુરાણનાં’ આખ્યાનો અને ઉપાખ્યાનો - એક સમીક્ષાત્મક અધ્યયન

ેતુ

- કાળક્રમે સમયના પ્રવાહમાં ધુમાચ્છાદિત થઈ ગયેલા મત્સ્યપુરાણ અંતર્ગત આખ્યાનો અને ઉપાખ્યાનોનો ચરિત્રોને પ્રકાશિત કરવા.
- મત્સ્યપુરાણનાં આખ્યાનો અને ઉપાખ્યાનોનો અભ્યાસ કરી તેના તારણો અને નિષ્કર્ષ પર પહોંચવું.

ંશોધનના ઉદ્દેશો

સંસ્કૃતમાં કહેવત છે કે "प्रयोजनमनुदिश्य मन्दोऽपि न प्रवर्तते ।" "પ્રયોજન વિના મંદ બુદ્ધિવાળો માનવી પણ ગતિ કરી શકતો નથી." સંસ્કૃત સાહિત્યમાં પુરાણોમાં ભારતીય સંસ્કૃતિની સંસ્કારિતા પૂર્ણપણે પ્રતિપાદિત થયેલી હોવાને કારણે પુરાણ મારા રસ અને આકર્ષણનું કારણ બન્યું છે. આ રીતે મારા સંશોધનનો હેતુ સત્ય પામવાનો છે. પ્રસ્તુત મહાશોધ નિબંધના મુખ્ય ઉદ્દેશો આ પ્રમાણે છે.

1. સંસ્કૃત સાહિત્યમાં પુરાણ જેવા પ્રાચીન અને પવિત્ર ગ્રંથનું મહત્ત્વ સમજવું.
2. મત્સ્યપુરાણનો પરિચય પ્રાપ્ત કરવો.

3. મત્સ્યપુરાણ અંતર્ગત આખ્યાનો અને ઉપાખ્યાનોનું મહત્ત્વ સમજવું.

4. આખ્યાન-ઉપાખ્યાન સાહિત્યનો ઉદ્‌ભવ અને વિકાસ સંદર્ભે અભ્યાસ કરવો.

5. આખ્યાન-ઉપાખ્યાનનું વૈશિષ્ટય સમજવું.

6. મત્સ્યપુરાણ અંતર્ગત આખ્યાન-ઉપાખ્યાનોના ચરિત્રોનો અભ્યાસ કરવો.

7. આખ્યાનો અને ઉપાખ્યાનોનું સાહિત્યિક વિશ્લેષણ કરવું જેમાં અલંકાર, છંદ, રીતિ, રસ, શૈલી, ભાષા, વર્ણનપ્રસંગ, પાત્ર, સ્વરૂપ વગેરેની દૃષ્ટિએ મૂલ્યાંકન કરવું.

8. આખ્યાનો અને ઉપાખ્યાનોમાં વર્ણવાયેલ, પ્રકૃતિનિરૂપણ તથા પ્રણયનિરૂપણનો અભ્યાસ કરવો.

9. આખ્યાનો અને ઉપાખ્યાનોનો સમાજદર્શન અને પુરુષાર્થ ચતુષ્ટય સંદર્ભે અભ્યાસ કરવો.

10. મત્સ્યપુરાણના આખ્યાનો અને ઉપાખ્યાનોના સંદેશ અને તારણોનો અભ્યાસ કરવો.

સંશોધન પદ્ધતિ

મત્સ્યપુરાણ અંતર્ગત આખ્યાનો અને ઉપાખ્યાનોનો સમીક્ષાત્મક પદ્ધતિ દ્વારા અભ્યાસ કરવામાં આવ્યો છે. આખ્યાન-ઉપાખ્યાનના સદાચારી ચરિત્રો પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી વૈદિક સંસ્કૃતિની આચારપ્રણાલી, જીવનપ્રણાલી અને ઉપાસનાપ્રણાલીને પ્રકાશિત કરવાનો પ્રયત્ન કર્યો છે.

પ્રકરણ સંક્ષિપ્તિ

મારા આ મહાશોધ નિબંધને નીચે પ્રમાણે સાત પ્રકરણોમાં વિભાજીત કરી પ્રસ્તાવિત કરવાનો મેં વિચાર કર્યો છે. જેની રૂપરેખા નીચે પ્રમાણે છે.

પ્રકરણ-1

પુરાણ, મત્સ્યપુરાણ અને આખ્યાન-ઉપાખ્યાનનો પરિચય

1.1 પ્રસ્તાવના

1.2 પુરાણ પરિચય

1.3 મત્સ્યપુરાણ પરિચય

1.4 આખ્યાન-ઉપાખ્યાન પરિચય

પ્રથમ પ્રકરણમાં સંસ્કૃત સાહિત્યમાં વેદોની મહત્તા દર્શાવી સમય જતાં વેદોના રહસ્યમય તત્વજ્ઞાનની પ્રગાઢતાને લીધે બ્રાહ્મણ, આરણ્યક, ઉપનિષદ, પુરાણ વગેરે ગ્રંથો અસ્તિત્વમાં આવ્યા

તેનું વર્ણન કરવામાં આવ્યું છે. હિંદુ ધર્મ અને હિંદુ વિદ્યાઓના ચૌદ સ્થાનોમાં પુરાણોનું મહત્ત્વ સ્વીકારવામાં આવ્યું છે. તદુપરાંત પુરાણ શબ્દની વ્યુત્પત્તિ પુરાણોનો વિષય, સમય, ઉદ્‌ભવ કર્તા તથા પુરાણના ઉપાદાનો અંગેની બાબતો દર્શાવી છે. મત્સ્યપુરાણનો પરિચય, રચનાકાળ તેની વિશેષતાઓ તેમજ મત્સ્યપુરાણનું વિષયવસ્તુ રજૂ કરવામાં આવ્યું છે. ત્યારબાદ આખ્યાન-ઉપાખ્યાન પરિચય, આખ્યાન સાહિત્યનો ઉદ્‌ભવ અને વિકાસ, સ્વરૂપ-બંધારણ તથા ભાગવતપુરાણમાં દર્શાવેલ આખ્યાન-ઉપાખ્યાનનું વૈશિષ્ટય રજૂ કરવામાં આવ્યું છે.

પ્રકરણ-2

મત્સ્યપુરાણના આખ્યાનો અને ઉપાખ્યાનોનો પ્રતિપાદ્ય વિષય અને તેની સમીક્ષા

2.1 પ્રસ્તાવના

2.2 ત્રિપુરાખ્યાન વર્ણન

2.3 તારકાખ્યાન વર્ણન

2.4 કચ ઉપાખ્યાન વર્ણન

2.5 યયાતિ ઉપાખ્યાન વર્ણન

2.6 સાવિત્રી ઉપાખ્યાન વર્ણન

બીજા પ્રકરણમાં મત્સ્યપુરાણ અંતર્ગત વિવિધ આખ્યાનો અને ઉપાખ્યાનોનો પ્રતિપાદ્ય વિષય અને તેની સમીક્ષા કરવામાં આવી છે. ત્રિપુરાખ્યાનમાં મય દાનવ રચિત ત્રિપુરનગરનું વૈભવી વર્ણન, દેવદાનવસંગ્રામ અને અંતે શિવ દ્વારા ત્રિપુરદાહવર્ણનની કથા વર્ણવાઇ છે. તારકાખ્યાન અંતર્ગત દેવદાનવસંગ્રામમાં તારકાસુરનો વિજય, દેવોને બ્રહ્માનું આશ્વાસન, શિવનું કામદહન, પાર્વતીની તપશ્ચર્યા તથા અંતે કુમારકાર્તિકેય દ્વારા તારકાસુરના વધની કથા રજૂ કરવામાં આવી છે. કચ ઉપાખ્યાનમાં કચ પ્રત્યે દેવયાનીનો અનુરાગ, દેવયાની યયાતિનો વિવાહ અને શુક્રાચાર્ય દ્વારા યયાતિને મળેલ શાપનું વર્ણન કરવામાં આવ્યું છે. યયાતિ ઉપાખ્યાનમાં રાજા યયાતિની પુત્રો પાસે યૌવનની યાચના, પુત્ર પૂરુ દ્વારા યાચનાની પૂર્તિ, પૂરુનો રાજ્યાભિષેક તથા યયાતિના સ્વર્ગકાલીન જીવનની કથાનું આલેખન કરવામાં આવ્યું છે. સાવિત્રી ઉપાખ્યાનમાં યમરાજ પાસેથી પતિ સત્યવાનને જીવનદાન પ્રાપ્ત કરાવતી પતિવ્રતા નારી સાવિત્રીની કથા વર્ણવવામાં આવી છે.

પ્રકરણ-3

'મત્સ્યપુરાણનાં' આખ્યાનો અને ઉપાખ્યાનોની પાત્રસૃષ્ટિ

3.1 પ્રસ્તાવના

3.2 ત્રિપુરાખ્યાનની પાત્રસૃષ્ટિ

3.3 તારકાખ્યાનની પાત્રસૃષ્ટિ

3.4 કચ ઉપાખ્યાનની પાત્રસૃષ્ટિ

3.5 યયાતિ ઉપાખ્યાનની પાત્રસૃષ્ટિ

3.6 સાવિત્રી ઉપાખ્યાનની પાત્રસૃષ્ટિ

ત્રીજા પ્રકરણમાં મત્સ્યપુરાણના વિવિધ આખ્યાનો અને ઉપાખ્યાનોના પાત્રોની પાત્રગત વિશેષતાઓ રજૂ કરવામાં આવી છે. ત્રિપુરાખ્યાનમાં દાનવપક્ષે મયાસુર, તારકાસુર, વિદ્યુન્માલી તેમજ દેવતાપક્ષે બ્રહ્મા, શિવ, ઇન્દ્ર, નંદિકેશ્વર, નારદમુનિ વગેરે દેવોનું ચરિત્રાંકન કરવામાં આવ્યું છે. તારકાખ્યાન અંતર્ગત વજ્રાંગ, તારકાસુર, જંભ-કુજંભ, કાલનેમિ વગેરે દૈત્યો તથા બ્રહ્મા, શિવ, ઇન્દ્ર, કુમાર કાર્તિકેય તથા પાર્વતી દેવીનું ચિત્રાંકન થયું છે. કચ ઉપાખ્યાનમાં બૃહસ્પતિપુત્ર કચ, શુક્રાચાર્ય, વૃષપર્વા અને દેવયાનીનું પાત્રાંકન કરવામાં આવ્યું છે. યયાતિ ઉપાખ્યાનમાં રાજાયયાતિ, દેવયાની, શર્મિષ્ઠા, શુક્રાચાર્ય, યયાતિપુત્ર પૂરુ વગેરે પાત્રોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. સાવિત્રી ઉપાખ્યાનમાં સત્યવાન, સાવિત્રી, યમરાજ, દ્યુમત્સેન વગેરે પાત્રોની વિશેષતાઓ રજૂ કરી છે.

યયાતિ ઉપાખ્યાન અંતર્ગત પિતૃભકત પૂરુનું ચરિત્ર ભારતીય સંસ્કૃતિમાં અદ્વિતીય સ્થાન ધરાવે છે.

प्रतिपत्स्यामि ते राजन् पाप्मानं जरया सह ।
गृहाण यौवनं मत्तश्वर कामन् यथेप्सितान् ॥

(मत्स्यपुराण. 33.29)

અર્થાત્ - "રાજન! આપની વૃદ્ધાવસ્થા લઈને હું આપના પાપકર્મનો અનુભવ કરવા તૈયાર છું, મારું યૌવન લઈને આપ યથેપ્સિત વિષયભોગોનો અનુભવ કરી તમે પૂર્ણ તૃપ્ત થાવ."

અહી યયાતિપુત્ર પૂરુના ચરિત્રમાં પિતૃદેવો ભવ । ની સંસ્કારિતા દૃષ્ટિગોચર થાય છે.

પ્રકરણ-4

'મત્સ્યપુરાણનાં' આખ્યાનો અને ઉપાખ્યાનોનું સાહિત્યક મૂલ્યાંકન

4.1 પ્રસ્તાવના

4.2 ત્રિપુરાખ્યાનનું સાહિત્યિક મૂલ્યાંકન

4.3 તારકાખ્યાનનું સાહિત્યિક મૂલ્યાંકન

4.4 કચ ઉપાખ્યાનનું સાહિત્યિક મૂલ્યાંકન

4.5 યયાતિ ઉપાખ્યાનનું સાહિત્યિક મૂલ્યાંકન

4.6 સાવિત્રી ઉપાખ્યાનનું સાહિત્યિક મૂલ્યાંકન

ચોથા પ્રકરણમાં આખ્યાન-ઉપાખ્યાનોનું મૂલ્યાંકન અલંકાર, છંદ, ગુણ, રીતિ, રસ, ધ્વનિ વગેરે બાબતોને આધારે કરવામાં આવ્યું છે.

ત્રેપુરાખ્યાન

ત્રિપુરાખ્યાનનો મુખ્ય રસ વીરરસ છે. તેમાં ગૌણ રસો તરીકે કરુણ, રૌદ્ર, ભયાનક, બીભત્સ, શાંત અને શૃંગારનો પ્રયોગ થયેલ છે. ત્રિપુરદાહ પ્રસંગમાં દૈત્યસ્ત્રીઓના વિહવળતાભર્યા વિલાપમાં કરુણ, પરાસ્ત દેવતાઓની સ્થિતિ જોતાં શિવના ક્રોધમાં રૌદ્ર, યુદ્ધભૂમિમાં અગ્નિદેવના ઉત્પાતમાં ભયાનક, રણભૂમિમાં દૈત્ય-દાનવોના કપાયેલાં શબના વર્ણનમાં બીભત્સ, ત્રિપુરનગરના દૈત્યોના વૈભવી જીવનમાં શાંત તથા દૈત્યસુંદરીઓના વિલાસી વર્ણનમાં શૃંગારરસ નિષ્પન્ન થાય છે.

ત્રિપુરાખ્યાન અલંકારોથી ભર્યુંભર્યું છે. તેમાં ઉપમા, ઉત્પ્રેક્ષા, રૂપક, અર્થાન્તરન્યાસ, અતિશયોક્તિ, તુલ્યયોગિતા, દૃષ્ટાંત, સહોક્તિ, સ્વભાવોક્તિ, કાવ્યલિંગ, સમુચ્ચય વગેરે અલંકારો પરિલક્ષિત થાય છે. શૈલી એટલે શબ્દોમાં ઝીલાતુ કવિના આંતરિક વ્યક્તિત્વનું પ્રતિબિંબ. ત્રિપુરાખ્યાનમાં માધુર્યગુણયુકત વૈદર્ભી રીતિનો મુખ્યરીતિ તરીકે નિર્વાહ થયો છે. તેમાં પ્રસાદ, ઓજસ, માધુર્ય જેવા ગુણોનો પ્રયોગ થયો છે. આ આખ્યાનમાં અનુષ્ટુપ, ઈન્દ્રવજ્રા, વંશસ્થ, ઉપજાતિ, પુષ્પિતાગ્રા ગાથા જેવા છંદો સાથે ઉચ્ચ વિચારોની અભિવ્યકિત થઈ છે.

ાારકાખ્યાન

તારકાખ્યાનનો મુખ્ય રસ વીરરસ છે. કુમારકાર્તિકેયના પરાક્રમમાં વીરરસ પરિપોષિત થયો છે. તેમાં કરુણ, રૌદ્ર, બીભત્સ અને શૃંગારની ગૌણ રસ તરીકે નિષ્પત્તિ થઈ છે. કામદહનપ્રસંગે

રતિવિલાપમાં કરુણ, રણભૂમિમાં ક્રોધિત કાર્તિકસ્વામીની પ્રતિક્રિયામાં રૌદ્ર, રકતવર્ણી યુદ્ધભૂમિના વર્ણનમાં બીભત્સ તથા પાર્વતીના વર્ણનમાં શૃંગારરસ આવિષ્કૃત થયો છે.

તારકાખ્યાનમાં ઉપમા, ઉત્પ્રેક્ષા, રૂપક, અર્થાન્તરન્યાસ, અતિશયોકિત, સહોકિત, કાવ્યલિંગ, સ્વભાવોકિત વગેરે અલંકારોનાં સાયુજ્યથી કથાનક સુચારું અને હદ્ય બન્યું છે. રસાભાવાદિ અભિવ્યંજનામાં સહાયભૂત થનારી વિવિધ પદરચના દ્વારા વૈદર્ભી, ગૌડી અને પાંચાલી રીતિનો સમુચિત પ્રયોગ તારકાખ્યાનને આસ્વાદ્ય બનાવે છે. માધુર્યાદિગુણયુકત રચના દષ્ટવ્ય છે. તેમાં અનુષ્ટુપ, ઇન્દ્રવજ્રા, ઉપજાતિ, વંશસ્થ, રુચિરા વગેરે છંદો દ્વારા કથાનકમાં ભાવાભિવ્યકિત તથા નાદમાધુર્યતાનું સુંદર સમગુંફન થયું છે.

ચ ઉપાખ્યાન

કચ ઉપાખ્યાનનો મુખ્ય રસ ધર્મવીર રસ છે. તદુપંરાત આની સાથે ઉપાખ્યાનમાં આવિષ્કૃત થયેલા કરુણ, વીર, રૌદ્ર, શાંત એવમ્ શૃગાંર ગૌણ રસ તરીકે સહૃદય ભાવકમાં ચર્વણા કરાવે છે. કચના મૃત્યુ પ્રસંગે દેવયાનીની હૃદયદ્રાવક સ્થિતિમાં કરુણ, અસુરોના દુષ્કર્મોથી વિચલિત શુક્રાચાર્યના વ્યકિતત્વમાં વીર, કચને હણતા રાક્ષસોના વર્ણનમાં રૌદ્ર, કચના શિષ્યત્વ પ્રસંગમાં શાંત તથા કચ પ્રત્યે દેવયાનીની આસકિતનાં વર્ણનમાં શૃંગારરસનો પરિપોષ થયો છે.

કચ ઉપાખ્યાનમાં ઉપમા, ઉત્પ્રેક્ષા, રૂપક, સહોકિત, સ્વભાવોકિત, કાવ્યલિંગ જેવા અલંકારો નિરૂપિત થયા છે. આ ઉપાખ્યાનમાં વૈદર્ભી, ગૌડી અને પાંચાલી રીતિનો સમુચિત પ્રયોગ થયો છે. જેમાં પદ્ય દ્વારા ચમત્કૃતિ દષ્ટવ્ય છે. માધુર્ય, ઓજસ અને પ્રસાદ ગુણનો સમ્યક્ નિર્વાહ થયો છે. આ ઉપાખ્યાન અનુષ્ટુપ, ઉપેન્દ્રવજ્રા, શાલિની જેવા વિવિધ છંદોના પ્રયોગ દ્વારા હૃદ્ય બન્યું છે.

ાયાતિ ઉપાખ્યાન

યયાતિ ઉપાખ્યાનનો પ્રમુખ રસ ધર્મવીર રસ છે. તેમાં કરુણ, શાંત, રૌદ્ર વગેરે ગૌણરસ તરીકે આવિષ્કૃત થયા છે. દુઃખી હૃદયે પિતૃગૃહે જતી દેવયાનીના પ્રસંગમાં કરુણ તથા પૂરુના રાજ્યાભિષેક પ્રસંગે શાંત રસનો પરિપોષ થયો છે.

યયાતિ ઉપાખ્યાનમાં ઉપમા, ઉત્પ્રેક્ષા, રૂપક, અર્થાન્તરન્યાસ, અતિશયોકિત, કાવ્યલિંગ, તુલ્યયોગિતા, સહોકિત, સ્વભાવોકિત વગેરે અર્થાલંકારોના સાયુજ્યથી કથાનકમાં આર્થી ચમત્કૃતિ

ધ્યાનાર્હ છે. વૈદર્ભી, ગૌડી અને પાંચાલી રીતિ તથા માધુર્યાદિ ગુણોના સમન્વયથી ઉપાખ્યાન સુચારુ બન્યું છે. તેમાં અનુષ્ટુપ, ઉપેન્દ્રવજ્રા, ઉપજાતિ વગેરે છંદોનો પ્રયોગ જોવા મળે છે.

સાવિત્રી ઉપાખ્યાન

સાવિત્રી ઉપાખ્યાનમાં મુખ્ય રસ ધર્મવીર રસ છે. તેમાં કરુણ, ભયાનક, શાંત, શૃંગાર વગેરે ગૌણ રસ તરીકે આવિષ્કૃત થયા છે. શિરોવેદનાથી પીડાતા સત્યવાનની સ્થિતિ જોઈને દુઃખી સાવિત્રીના વર્ણનમાં કરુણ, વનમાં એકલી ભયભીત સાવિત્રીની મનઃસ્થિતિના વર્ણનમાં ભયાનક તથા વસંતઋતુના વર્ણનમાં શૃંગારરસની નિષ્પત્તિ થઈ છે.

સાવિત્રી ઉપાખ્યાનમાં ઉપમા, ઉત્પ્રેક્ષા, રૂપક, અર્થાન્તરન્યાસ, કાવ્યલિંગ, સહોકિત, સ્વભાવોકિત વગેરે અલંકારો દૃષ્ટિગોચર થાય છે. તેમાં રસભાવાદિ અભિવ્યંજનામાં સહાયભૂત થનારી વિભિન્ન પદરચના દ્વારા વૈદર્ભી, ગૌડી અને પાંચાલી રીતિ નિરૂપિત થઈ છે. માધુર્યાદિ ગુણવતી રસયુકત રચના કથાવસ્તુને રસમય બનાવવામાં ઉપકારક નીવડે છે. પ્રસ્તુત ઉપાખ્યાનમાં અનુષ્ટુપ, ઉપેન્દ્રવજ્રા, ઉપજાતિ વગેરે છંદોની ઉપાદેયતા કથાનકને સરસ બનાવે છે.

પ્રકરણ-5

'મત્સ્યપુરાણનાં' આખ્યાનો અને ઉપાખ્યાનોમાં પ્રકૃતિ અને પ્રણયનિરૂપણ

5.1 પ્રસ્તાવના

5.2 મયદાનવનું તપ

5.3 ત્રિપુરનગરનું વર્ણન

5.4 રથનું વર્ણન

5.5 યુદ્ધનું વર્ણન

5.6 વાવનું વર્ણન

5.7 પ્રણયનિરૂપણ

5.8 પાર્વતીની જન્મકથા

5.9 શિવનું વર્ણન

5.10 વસંતઋતુનું વર્ણન

પાંચમાં પ્રકરણમાં પ્રકૃતિ, પ્રણય અને વિવિધ વર્ણનોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પ્રકૃતિના વિવિધ વિષયો આખ્યાન-ઉપાખ્યાનના સનાતન વિષયો બન્યાં છે. વસંત, ચંદ્ર, વર્ષા, કમળ, હરણા, ભ્રમર, કોયલ, કાગડો, તેતર, ચકલો, સિંહ, બિલાડો, મૃગ, હંસ વગેરેના વર્ણન દ્વારા પ્રકૃતિ અને પ્રણયનો સુંદર સમન્વય સધાયો છે.

પ્રકરણ-6

'મત્સ્યપુરાણનાં' આખ્યાનો અને ઉપાખ્યાનોમાં સમાજદર્શન અને પુરુષાર્થ ચતુષ્ટય

6.1 પ્રસ્તાવના

6.2 સામાજિક પરિસ્થિતિ

6.3 આર્થિક પરિસ્થિતિ

6.4 રાજકીય પરિસ્થિતિ

6.5 ધાર્મિક પરિસ્થિતિ

6.6 સાંસ્કૃતિક પરિસ્થિતિ

6.7 પુરુષાર્થ ચતુષ્ટય

છઠ્ઠા પ્રકરણમાં તત્કાલીન સમાજદર્શન અને ધર્મ, અર્થ, કામ, મોક્ષ એ ચાર પુરુષાર્થો અંગેનું વર્ણન કરવામાં આવ્યું છે. મહદઅંશે તત્કાલીન સમાજપર વૈદિકકાલીન સંસ્કૃતિની વધુ અસર જોવા મળે છે.

પ્રકરણ-7

ઉપસંહાર

7.1 પ્રસ્તાવના

7.2 સંશોધનના તારણો અને નિષ્કર્ષો

7.3 ભાવિ સંશોધન અંગે સૂચનો

આ અંતિમ ઉપસંહાર પ્રકરણમાં અધર્મ છોડી ધર્મ તરફ વળવાનો માતૃત્વ, પિતૃત્વની ભાવનાનો સંદેશ દર્શાવ્યો છે. તદુપરાંત ભારતીય જનસમાજ સમક્ષ પતિવ્રતા નારીનો આદર્શ રજૂ કર્યો છે.

સંશોધનના હેતુઓને નજર સમક્ષ રાખી સંશોધનના તારણો અને નિષ્કર્ષો તથા ભાવિ સંશોધન અંગે દિશાસૂચન કર્યું છે.

શોધનિબંધના અંતે પરિશિષ્ટ-1 માં આખ્યાનો અને ઉપાખ્યાનોમાં પ્રાપ્ત વિચારરત્નો, પરિશિષ્ટ-2 માં સજ્જનપ્રશંસા અને દુર્જનનિંદા તથા પરિશિષ્ટ-3 માં 'મત્સ્યપુરાણમાં' પ્રાપ્ત થતું તત્ત્વજ્ઞાન અને ઉપનિષદ વિચાર રજૂ કરીને મહત્વના સંદર્ભગ્રંથોની સૂચિ દર્શાવી મહાશોધનિબંધના

કાર્યને વિરામ આપવાનું ઉચિત માન્યું છે. કારણ કે જ્ઞાનને કોઇ સીમા હોતી નથી કયાંક તો વિશ્રાંતિ આપવી જ પડે.

સ્થળ : વલસાડ

તારીખ : 17/08/2015

મેઘના કે. ધારણે

અધ્યેતા

માર્ગદર્શક

ડો.શોભનાબેન એન. સોલંકી

સંસ્કૃત વિભાગ

શ્રીમતી જે.પી.શ્રોફ આર્ટ્સ કોલેજ, વલસાડ.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતની

વિનયન વિદ્યાશાખાના સંસ્કૃત વિષયમાં

પીએચ.ડી.ની પદવી માટે

રજૂ કરેલ મહાશોધ નિબંધ

સંશોધન વિષય

'મત્સ્યપુરાણનાં' આખ્યાનો અને ઉપાખ્યાનો - એક સમીક્ષાત્મક અધ્યયન

(રૂપરેખા)

પ્રસ્તુતકર્તા

મેઘના કે. ધારણે

(રજિસ્ટ્રેશન નં. 2567, તા.24.02.2012)

આચાર્યશ્રી

ડો. જી. એમ. બુટાણી

શ્રીમતી જે.પી.શ્રોફ આર્ટ્સ કોલેજ,

વલસાડ

માર્ગદર્શક

ડો. શોભનાબેન એન. સોલંકી

સંસ્કૃત વિભાગ

શ્રીમતી જે.પી.શ્રોફ આર્ટ્સ કોલેજ,

વલસાડ

ઓગસ્ટ - 2015